દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩ ૧૬૩ વર્ષ

મંગળવાર ૨૩ જૂન, ૨૦૨૬

# ડંફાસ અને વિવાદનું બીજું નામ: ડોનાલ્ડ ટ્રમ્પ

અમેરિકાના સૌથી વિવાદાસ્પદ રહેલા પ્રમુખોમાં ડોનાલ્ડ ટ્રમ્પનું નામ હવે ઉમેરાઇ જશે એમ લાગી રહ્યું છે. આ એવો માણસ છે જે પોતાના હોદ્દાની ગરીમા અને ગંભીરતા સમજ્યા વિના બેધડક વિધાનો કરી શકે છે અને બેફામ ફેંકાફેંક કરી શકે છે. બીજી ટર્મમાં તેમના વિવાદો અને છબરડાઓ તેમની પહેલી ટર્મ કરતા પણ વધી જઇ રહ્યા છે. હાલમાં ઇટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની સાથે ટ્રમ્પને મોટો વિવાદ સર્જાયો છે. ટ્રમ્પે હાલમાં જી-૭ સમિટ પુરી થયા બાદ એક અખબારી મુલાકાતમાં એવો દાવો કર્યો કે ઇટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ જી-૭ પરિષદના ટાણે પોતાની સાથે ફોટો પડાવવા માટે રીતસર કાલાવાલા કર્યા હતા! આ વિધાન બહાર આવતા જ સ્વાભાવિક રીતે મેલોની છંછેડાયા. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે ટ્રમ્પનો આ દાવો તદ્દન ખોટો છે. પોતે ક્યારેય તેમની સાથે ફોટો પડાવવા આજીજીઓ કરી નથી. ટ્રમ્પના આ દાવા પછી ઇટાલીના વિદેશ મંત્રીએ પોતાની અમેરિકાની મુલાકાત પણ રદ કરી નાખી.

આના પછી ટ્રમ્પે ફરી એકવાર દાવો કર્યો છ કે ઇટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ ફ્રાન્સમાં યોજાયેલી જી૭ સમિટ દરમિયાન તેમની સાથે ફોટો પડાવવા માટે વારંવાર વિનંતી કરી હતી. ટ્રમ્પનો આરોપ છે કે મેલોની ઇટાલીમાં પોતાની લોકપ્રિયતા વધારવા માટે આવું કરી રહ્યા હતા. ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં ટ્રમ્પે લખ્યું, ઇટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ ફ્રાન્સમાં જી-૭ બેઠક દરમિયાન મારી સાથે ફોટો માટે વારંવાર, અનેક વાર પૂછ્યું હતું. ટ્રમ્પે દાવો કર્યો હતો કે મેલોની ઇટાલીમાં ઘટતી લોકપ્રિયતાનો સામનો કરી રહ્યા છે અને તેમણે આ બાબતને ઈરાનને પરમાણુ હથિયાર મેળવતા કે વિકસાવતા અટકાવવાના યુએસના પ્રયાસો અંગે મેલોનીના વલણ સાથે જોડી હતી. “તેઓ ઇટાલીમાં પોતાની લોકપ્રિયતાના સ્તરમાં નબળો દેખાવ કરી રહ્યા છે, કદાચ એટલા માટે કારણ કે જ્યારે ઈરાનને પરમાણુ હથિયાર મેળવતા કે વિકસાવતા રોકવાની વાત આવી, ત્યારે તેમણે યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા–એક એવો દેશ જે ઇટાલીને સાચા અર્થમાં પ્રેમ કરે છે અને તેનું રક્ષણ કરે છે–તેનો સાથ આપવાનો ઇનકાર કર્યો હતો (પરંતુ તે બાબતે નાટો (NATO) એ પણ એવું જ કર્યું હતું!). એમ ટ્રમ્પે કહ્યું. અમેરિકી રાષ્ટ્રપતિએ ઇટાલી દ્વારા યુનાઇટેડ સ્ટેટ્સને ઇટાલીના લેન્ડિંગ સ્ટ્રિપ્સ અથવા રનવેનો ઉપયોગ કરવાની મંજૂરી ન આપવા બદલ પણ ટીકા કરી હતી અને તેને એક મોટી લોજિસ્ટિકલ સમસ્યા ગણાવી હતી. ટ્રમ્પે વધુમાં દાવો કર્યો હતો કે યુએસ દ્વારા ઈરાનને લશ્કરી રીતે હરાવ્યા પછી, મેલોનીએ વોશિંગ્ટન સાથે સંબંધો સુધારવાનો પ્રયાસ કર્યો હતો. ટ્રમ્પે પોસ્ટમાં જણાવ્યું, “હવે, જ્યારે અમેરિકાએ ઈરાનને લશ્કરી રીતે હરાવી દીધું છે, ત્યારે તેઓ પોતાના ‘લોકપ્રિયતાના આંકડા સુધારવા’ માટે ફરીથી મિત્ર બનવા માંગે છે. ના, તમારો આભાર!!! સ્વાભાવિક રીતે આ નવા દાવાનો પણ મેલોનીએ સખત જવાબ આપ્યો. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે મારા દેશમાં મારી લોકપ્રિયતા માટે હું તમારી મોહતાજ નથી. “પ્રમુખ ટ્રમ્પ, આ સતત, ઉશ્કેરણી વગરના હુમલાઓ નિરર્થક છે. રહી વાત મારી લોકપ્રિયતાની, તો તમારા મિત્ર હોવાથી ચોક્કસપણે તેમાં કોઈ મદદ નથી મળી, કે ન તો તે તમારી સાથેના મારા સંબંધો પર નિર્ભર છે,” મેલોનીએ કહ્યું. તેમણે કહ્યું કે તેમની લોકપ્રિયતા ઇટાલીના રાષ્ટ્રીય હિતોની રક્ષા કરવાની તેમની ક્ષમતા સાથે જોડાયેલી છે અને દેશમાં અમેરિકન સૈન્ય મથકો અંગે તેમની સરકારના વલણનો બચાવ કર્યો. “મારી લોકપ્રિયતા ઇટાલીના રાષ્ટ્રીય હિતની રક્ષા કરવાની મારી ક્ષમતા પર નિર્ભર કરે છે, અને મેં હંમેશાં બરાબર એ જ કર્યું છે. મેં ઇટાલીમાં અમેરિકન સૈન્ય મથકો અંગે પણ એ જ કર્યું હતું. તેમનો ઉપયોગ એવા કરારો દ્વારા સંચાલિત થાય છે જેનું અમે હંમેશાં સન્માન કર્યું છે, અને જ્યાં સુધી હું વડાપ્રધાન છું ત્યાં સુધી તેનું ઉલ્લંઘન કરી શકાય નહીં,” એમ તેમણે કહ્યું. તેમની વાત બરાબર જ છે. પોતાના દેશમાં લોકપ્રિયતા વધારવા મેલોની ટ્રમ્પ સાથેના ફોટાનો ઉપયોગ કરે તે વાત જ વાહિયાત લાગે છે.

આ ટ્રમ્પ પોતે ક્યારે શું બોલે છે તેનું પણ ભાન રાખતા હોય તેમ લાગતું નથી. હાલ થોડા દિવસ પહેલા ઓમાનના કાંઠે ત્રણ ભારતીય જહાજો પર અમેરિકી દળોએ હુમલા કર્યા. નાકાબંધીના અમલના પ્રયાસમાં આ હુમલા કરવામાં આવ્યા હતા. આમાંથી એક જહાજ પરના હુમલામાં તો ત્રણ ભારતીય કર્મચારીઓ માર્યા પણ ગયા. આ હુમલા અંગે ખુદ અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે કહ્યું કે જહાજ પર બે હેલફાયર મિસાઇલો છોડવામાં આવી હતી. આના પછી ટ્રમ્પે કહ્યું કે ભારતીય જહાજો પર ઇરાને હુમલા કર્યા હતા! ખુદ પોતાના જ લશ્કરની વાતથી વિપરીત વાત તેમણે કરી. તેમની વિશ્વસનિયતા કેટલી? તે આના પરથી સાબિત થાય છે. ભારત-પાક. વચ્ચે પોતે સંધિ કરાવી હોવાનો દાવો ટ્રમ્પે અનેકવાર કર્યો છે અને અનેકવાર ભારતે આ દાવો ફગાવ્યો છે. અન્ય પણ અનેક દેશો વચ્ચે પોતે સંધિ કરાવી હોવાનો દાવો પણ તેઓ અનેક વખત કરી ચુક્યા છે. ડંફાસો મારવામાં તેમણે અનેક વખત હાસ્યાસ્પદ વિધાનો કર્યા છે અને વિવાદો ઉભા કર્યા છે. લાગે છે કે તેઓ ડંફાસ અને વિવાદનો પર્યાય બની રહ્યા છે.

## સુખ શું છે

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક ઝેનગુરુ પોતાના શિષ્ય સાથે એક ગામથી બીજે ગામ જતા હતા, ઉનાળાની ઋતુ હતી એટલે વાતાવરણ બહુ ગરમ હતું ધોમધખતો તાપ હતો. શિષ્ય આ સખ્ત ગરમીથી અકળાયો હતો તે પરસેવાથી રેબઝેબ થઈને ચાલતો હતો…થાક્યો હતો…બહુ ગરમી છે ..સખ્ત તાપ પડે છે …આ સૂરજનો તડકો આકરો છે …જમીન દાઝે છે એવું સતત કઈ ને કઈ બડબડ કરી રહ્યો હતો.

ઝેનગુરુ ચુપચાપ શાંતિથી ચાલી રહ્યા હતા.શિષ્યએ ગુરુજીને પૂછ્યું, ‘માસ્ટર તમને આ ગરમી સતાવતી નથી??’ તેઓ કઈ બોલ્યા નહિ માત્ર હસ્યા, પોતાનો પરસેવો લૂછ્યો અને પાણી પીધું અને પછી પેલા શિષ્યને પાણી પીવા આપ્યું.પાણી પી લીધા પછી શિષ્ય ફરી બોલ્યો, ‘બહુ ગરમી છે, માસ્ટર તમને ગરમી લાગતી નથી??’

ઝેનગુરુ બોલ્યા, ‘ગરમીની ઋતુ છે તો ગરમી તો લાગે જ ને…’ શિષ્ય બોલ્યો, ‘તો તમે જરાય અકળાતા કેમ નથી.’ ઝેનગુરુએ કહ્યું, ‘ઉનાળામાં ગરમી લાગે જ …બસ આટલી વાતનો મનથી સ્વીકાર કરી લેવાનો તેમાં અકળાવાનું શું?? ઉપાય કરવાના …અને તું મને કહે તું અકળાઈને ક્યારનો જે બડબડ કરી રહ્યો છે તેનાથી તને ગરમી લાગવાની ઓછી થઇ ખરી ??’

શિષ્ય બોલ્યો, ‘માફ કરજો ગુરુજી પણ સખ્ત અસહ્ય ગરમી છે એટલે તો બડબડ થઇ જાય છે.’ ઝેનગુરુ બોલ્યા, ‘શિષ્ય, તું સખત ગરમી છે, અસહ્ય છે તેમ સતત બોલી રહ્યો છે એટલે તે ગરમી તારા મન અને મગજને વધુ હેરાન કરે છે.ગરમી છે તો છે તેનો મનથી સ્વીકાર કરી લે તો આપોઆપ ગરમી સહ્ય લાગવા મંડશે.’ શિષ્ય ગુરુની વાત સાંભળી રહ્યો પણ કઈ બોલ્યો નહિ. ઝેનગુરુએ શિષ્યને આગળ કહ્યું, ‘આ મારી સ્વીકાર કરવાની વાત માત્ર ગરમી કે ઠંડી માટે નથી આ સ્વીકારનો પાઠ જીવનભર માટે છે એટલે હંમેશા યાદ રાખજે.’ શિષ્યએ પૂછ્યું, ‘એટલે શું યાદ રાખવાનું છે માસ્ટર??’ ઝેનગુરુ બોલ્યા, ‘મેં તને જે ગરમીને મનથી સ્વીકારવાની વાત કરી તે સ્વીકારનો પાઠ સદા યાદ રાખજે કારણ કે જયારે કોઇપણ પરિસ્થિતિનો આપને મનથી પુરેપુરો સ્વીકાર કરી લઈએ છીએ તે સ્થિતિ સુખનો અનુભવ છે.જો તું જીવનમાં જે સામે આવે તે બધું જ મનથી સ્વીકારતો થી જઈશ તો તને ક્યારેય કોઈ પરેશાની કે તકલીફ કે દુઃખ નો અનુભવ નહિ થાય.દરેક પરિસ્થિતિનો સ્વીકાર સુખ છે.’ ગુરુજીએ સુખ શું છે તે સુંદર રીતે સમજાવ્યું.

# દેશમાં મીડિયાની અપરિપક્વતા સમાજ માટે વધારે નુકશાન કારક છે

## શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

**યુદ્ધ થાય ત્યારે માત્ર યુદ્ધમાં ભાગ લેનારાને જ નુકશાન થાય પણ જ્યારે માનસિક હૂમલો થાય તમારા વિચાર તંત્ર પર હૂમલો થાય ત્યારે સમગ્ર સમજને નુકશાન થાય. લાંબા ગળાનું નુકશાન થાય અને ઝડપથી નાસમજી શકાય એવું નુકશાન થાય**

હવે ફરી શિક્ષણ શરૂ. જોકે તે તો બાળકોનું, પણ, આપણે કદી વિચાર્યું છે કે જેઓ શાળામાં કોલેજમાં નથી જતા તેમનું શિક્ષણ કોણ કરે છે? શાળા કોલેજના અભ્યાસ પછી પણ માનવીના ભણતરની પ્રક્રિયા તો ચાલુ જ હોય છે. સમાજ અખબારો માંથી, ચેનલોમાંથી, ફિલ્મો નાટકો કે પ્રવચનો જેવા સમૂહ માધ્યમોમાંથી સમજણ અને માહિતી મેળવતો રહે છે અને માટે જ દેશમાં સમૂહ માધ્યમોએ ખૂબ જવાબદારી પૂર્વક વર્તવું જોઈએ.

ભારત પર અનેક વિદેશી આક્રમણ થયા. પણ ભારતની સંસ્કૃતિ અને સભ્યતા ટાકી રહી પણ, હવે જ્યારે આ બજારનો હુમલો થયો છે ત્યારે ટકવું મુસ્કેલ પડશે કારણકે ,અત્યાર સુધીના હૂમલા શારીરિક અને ભૌતિક હતા. યુદ્ધ થાય ત્યારે માત્ર યુદ્ધમાં ભાગ લેનારાને જ નુકશાન થાય પણ જ્યારે માનસિક હૂમલો થાય તમારા વિચાર તંત્ર પર હૂમલો થાય ત્યારે સમગ્ર સમજને નુકશાન થાય. લાંબા ગળાનું નુકશાન થાય અને ઝડપથી નાસમજી શકાય એવું નુકશાન થાય.. બરાબર ૧૯૯૧ માં ભારતમાં ઉદારીકરણ અને ખાનગી કર્ણનો દોર ચાલુ થયો ત્યારે સંઘ પરિવારના અને ભાજપના નેતાઓ આ વાત લોકોને સમજાવી રહ્યા હતા, ૧૯૯૫ થઈ દેશમાં ખાનગી ચેનલો અને ખાનગી ન્યુઝ ચેનલોનો વ્યાપ વધ્યો ત્યારે આજ વાત જોર જોર થઈ કહેવામાં આવતી હતી શરૂ શરૂમાં ચેનલોની સીરીયલોના નામ અને ઘટના સાથે વર્ણનો થતા સમાજ કઈ દિશામાં જઈ રહ્યો છે. લેખ લખતા. ચેનલો આવી ત્યારે ચેનલો પણ પોતાને આધુનિક ભારતની નિર્માતા સમજવા લાગી ભારતની પરમ્પરા સંસ્કૃતિ વગેરે માટે પોતાના આધુનિક મત રજૂ કરવા લાગી પણ કુદરતના નિયમ અફર હોય છે. બાળપણ એટલે બાળપણ. વિકાસ થતો હોય ત્યારની ઉંમર વર્ગીકરણ અને વિશ્લેષણની ઓછી સમજણ, નિર્ણયની અપરિપક્વતા, એકની એક વાત વારંવાર કરવી. પોતાને ખબર પડે એ વાત દુનિયાને પણ પહેલીવાર જ સમજાઈ છે તેમ માનવું. મોટે મોટે થઈ બોલવું. ખુશી હોય કે દુખ મોટેથી રજૂ કરવું. આ બધાજ બાળકના લક્ષણ છે કહો કે અપરિપક્વતાના લક્ષણ છે. ટૂંકાગાળાના લાભ જોવા ચોકલેટ માટે લલચાઈ જવું આ બાળપણ છે અને બાળપણ દરેકને હોય છે, અપરિપક્વતાનો ગાળો બધે જ હોય છે ઉદ્યોગો પણ બળ્યાવસ્થામાં હોય રાજકીય પાર્ટી પણ બળ્યા અવસ્થામાં હોય અને દેશ પણ બળ્યા વસ્થામાં હોય. માણસ માટે દસ પંદર વર્ષ અને સામજિક સંસ્થાઓ માટે આ ગાળો પચાસ થઈ સોવર્ષનો હોઈ શકે છે અને હા જેમ ઘણાને મારતા સુધી સમજણ નથી આવતી તેમ આહી પણ ઘણાને કાયમ માટે જ અપરિપક્વતાનો રોગ લાગેલો રહે છે.

ભારતમાં મીડિયાને હજુ માંડ ત્રીસ વર્ષ માંડ થયા, અત્રે તે લગભગ કિશોર વસ્થામાં છે અને ઘણી ચેનલો માત્ર બળ્યાવસ્થામાં, પણ જન માણસ પર વ્યાપક અસર કરનાર આ મીડિયા જે રીતે વર્તી રહ્યું છે તે ઘણું ખતરનાક છે. દેશના સમાજશાસ્ત્રીઓ, મનોવિજ્ઞાનીકોએ આ માટે સંશોધન કરવાની જરૂર છે. એકના એક સમચાર અને સમયનું પ્રમાણ ભાન જ નહિ. બાબા રામરહીમ, વડાપ્રધાન શ્રીનું ભાષણ, ધાર્મિક બાબાના પ્રવચન. વસ્તુની જાહેરાત. નાની નાની વાતોનું વતેસર અને આ બધામાં હેતુ પૂર્વક કે અજાણપણે મૂળભૂત પ્રશ્નોની ઉપેક્ષા દેશના આમ આદમીની ચિંતાનો અનાદર એસ બી આઈ ના બદલાતા નિયમો. શિક્ષણમાં ચાલતા ભ્રષ્ટાચાર ઘટતી રોજગારી વધતા ભાવો. જમીનોના ખરીદ વેચાણ રાજકારણીઓની ગુંડાગીરી, ગ્રામીણ ભારતના પ્રશ્નો વધતી જાતિ પરીક્ષાઓ ક્યાય કોઈને બોલવું નથી. મોબાઈલ કંપનીઓ હાલમાં આપડી માહિતીઓ વેચી રહી છે. તેની કચ્ય ચર્ચાજ નથી.

હમણાં હમણાં બાળકોમાં એક ગેમના નામે આત્મહત્યાના કિસ્સા વધ્ય છે. એક ગેમ માણસને ભ્રમિત કરી શકે છે તો આટલી બધી ચેનલો ભ્રમિત ના કરી શકે અપરિપક્વ બાળક જો જીવ જોખમા મૂકે તો અપરિપક્વ સમાજ જીવન જોખમા ના મૂકે. મીડિયા આપડા જાહેર ગાંડપણને પોષે છે. ગણેશ ઉત્સવ ગરબા ઉત્તરાયણ કે દિવાળી મીડિયાનું કામ આપણને સાચી સમજ આપવાનું છે પણ મીડિયા આપડા ગાંડપણને ગ્લોરીફાઈ કરે છે અને માટે આ ગાંડપણ વધે છે.

જરૂર કરતા વધુ ચેનલો. સંશોધન પાછલ ઓછો ખર્ચ, પરિપક્વ પત્રકારોની અછત અને ટકવા માટે જરૂરી જાહેરાતો માટે ઉદ્યોગો અને સરકાર પર પરવલંબન મીડિયાને પરિપક્વ બનવા દેતા નથી અને માટે આપડે ભ્રમિત થઈ રહ્યા છીએ.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# જેવી જેની મતિ તેવી તેની પ્રગતિ...!

## મંગલ મસ્તી



રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’

**દેશ-દેશાવરના ટાપુ કે ચરબીના પર્વત જેવાં! કોઈના ડોઝણા વીજળીના તાર પર લટકેલા પતંગની જેમ ઝુલતા હોય, તો કોઈના ડોઝણા, પેટના પ્રદેશે તડીપાર કર્યા હોય તેવા હોય**

પેટ છૂટી વાત કરું તો, આ મતિ-ગતિ-પતિ-પ્રગતિ કે અતિ, આ બધાં લેખના લટકામાં આવેલા પ્રભાવી શબ્દો છે. ટાઈટલ વાંચીને, ટેન્શનમાં આવવાની જરૂર નથી. ભગવા પહેરાવીને કોઈને બાવા બનાવવાનો ઈરાદો નથી. આમ પણ આજકાલ ફાટેલા જીન્સનો ‘ટ્રેન્ડ’ ચાલતો હોય ત્યારે ખુદ ભગવાન પણ કથા કરવા આવે તો પણ, કોઈ બાવા બને એવું નથી. ‘અલખ નિરંજન’બોલતા પણ આવડવું જોઈએ ને? કુવામાં જ ના હોય તો કલમમાં ક્યાંથી આવે? એટલે બંદા બુદ્ધિનો બ પણ બોલવાનાં નથી. સમજ્યા? આ તો ખંજવાળ આવી કે, હાસ્યના ભમરડા તો ઘણા ફેરવ્યા, તલાવ થોડાંક કલ્યાણકારી પગલાના પડીકા છોડું.

શરીરમાં જ ભલીવાર ના હોય તો, આત્મા પણ ખોળિયું મુકીને ઉડી જાય. એટલે શરીરનું રીનોવેશન કરવાની વાત લઈને આવ્યો છું. ચોખવટ પૂરી!

હંઅઅઅ તો વાત જાણે એમ છે કે, તોડી નાંખે એવી ગરમીના ફૂવ્વારા છોડીને જુન મહિનો પણ બેસી ગયો. જુન બેસે એટલે યોગ ના નગારા વાગવા માંડે. તળેલું, ચરબીલું, આંથેલું, મલાઈ માખણ ને ઘી ઉપર સર્જીકલ સ્ટ્રાઈક આવવા માંડે.ઘૂંટણીયામાં દુખણા ને પેટ ઉપર બળવો થવા માંડે. આલોમ વિલોમ ને ભ્રસ્તીકાનાં ભમરડા ભમવા માંડે. એમાં જુન મહિનો આવે એટલે. શૈલી વાઈફ મટીને યોગ ગુરુ બની જાય! સવારથી ફૂંફાડા મારવા માંડે કે, ‘વરસાદ આવે કે વાવાઝોડું આવે, હાથ પગ હલાવવાનું ચાલુ કરી દેવાનું. રેઈનકોટ પહેરીને પણ શીર્ષાસન કરવાનું એટલે કરવાનું! ખબર છે કે, તમારામાં યોગી આદિત્યનાથ થવાનું તો ગજું નથી જ, કમસે કમ યોગ કરીને યોગી તો બનો? એના કપાળમાં કાંદા ફોડું, ક્યાં યોગ, ક્યાં યોગી ને ક્યાં યોગી આદીત્યનાથ! પાછલી ઉમરે કોણ જીભાજોડી કરે યાર! ચલતીકા નામ ગાડીનો સ્વીકાર કરીને પંજેલી લેવાનું! થયું એવું કે, લોકો વાર તહેવારને અધિક માસના ઉપવાસ રાખે, એણે મારી પાસે ‘વિશ્વ યોગ’ દિવસનો ઉપવાસ કરાવ્યો. જાહેરમાં જાહેરાત કરી નાંખી કે, ‘મારો (અ)નાથ વિશ્વ યોગ દિવસની ઉજવણી ૧૦૮ સૂર્ય નમસ્કારથી કરશે!

તમને શું વાત કરું? જૂઅયારથી ડોઝણાએ ટણી કાઢી છે, ત્યારથી અમારા પતિ-પત્નીના સંબંધમાં ગ્રહણ લાધ્યું છે. મહેણાં-ટોણા વગર અમારી સવાર ઉગે જ નહિ. મને કહે, ‘અરીસામાં નકરો ચહેરો જ નહિ જોવાનો, ફાંદ પણ જોવાની. જેથી ખબર પડે કે, ‘why Monday is longar than Sunday! ‘એરબેગ’મોંઘી ગાડીમાં સારી લાગે, શરીરમાં નહિ! મને તો હવે તમારી સાથે બહાર નીકળવાની પણ શરમ આવે. છે! પાકટ ઘેટા સાથે બકરી ભટકતી હોય એવું લાગે! આડા પડો ત્યારે જાણે ડુંગરની તળેટીમાં પાડા સુતા હોય એટલા ભૂંડા લાગો. ફાંદનો વ્યાસ જ એટલો વિશાળ કે, પેટ અને ફૂટબોલનું મેદાન સરખું જ લાગે! ક્યાં મારું વજન ને ક્યાં તમારું? વજનકાંટા ઉપર હું ચઢું તો કાંટો પણ શરમાઈને બોલવા માંડે કે, ‘બહેન હજી કંઈ વધારે વજન મુકો, આટલામાં તો અમે હલી પણ નહિ શકીએ, ને તમે વજન કાંટા ઉપર ચઢો તો કાંટો ચિહાળા પાડવા માંડે કે, ‘ઉતરી જાવ, ઉતરી જાવ, ચાર પાંચ જણા કાંટા ઉપર નહિ ચઢો!’જો કે શૈલીની વાતમાં દમ તો ખરો! યોગ અને કસરત એટલે શરીર, મન અને આત્માને સંતુલિત કરવાની પ્રયાસવૃતિ! અણગમતી ખરી, પણ જરૂરી! યોગ ભગાવે રોગ. છતાં યોગની વાત નીકળે એટલે, ઘણાનો ચહેરો બાફેલા રીંગણ જેવો થઈ જાય. યોગાસનો સિંહાસનને બદલે, દુશાસન જેવા લાગવા માંડે. ચહેરો રમુજીને બદલે મુજી થઈ જાય! બકા, મનને શાંતિ, અને શરીરમાં સંતુલના જોઈતી હોય, તો યોગ સાથે ભાઈબંધી તો રાખવી જ પડે! કીચડમાં પગ ગંદા થાય તો, પગ ધોવા માટે, નળ આપણી પાસે નહીઆવે, આપણે જ નળ પાસે જવું પડે! પાણી પહેલાં પાળ બાંધવી એનું નામ પણ યોગ કહેવાય!

અમુકને તો વિશ્વ યોગ દિવસ આવે એટલે, સાળીના લગન આવ્યા હોય એવા હરખપદુડા થઈ જાય. મોંઘા-ડાટ બુટ ખરીદી કાઢે, સ્પોર્ટ્સ ના લેંઘા ખરીદી કાઢે, જીમમાં જઈને મોંઘીદાટ ફી ભરી આવે. કાયમ યોગ કરીને, જાણે ફીણ કાઢી નાંખવાનો હોય એમ, દેખાવ કરવા માંડે. ધોતીયાવાળા પણ ઘેનમાં આવી જાય. ધોતિયા ત્યાગી ને સીધા ‘બોક્ષર’લેંઘા ઉપર આવી જાય. એમાં ઉતાવળે તૈયાર લેંઘો ઊંચકી લાવેલા હોય, ને પેટના ડોઝણા મોટા હોય ત્યારે સાપે છછુંદર ગળ્યું હોય એવી દુર્દશા થાય. પેટ-કમર અને લેંઘાનો ત્રિવેણી સંગમ થાય જ નહિ. દોઝણાને આંબવામાં જ હાંફી જાય! જો કે, એ પ્રયાસને પણ યોગના મંગળાચરણ જ કહેવાય! સ્વાભાવિક છે કે, આવા આરંભે શુરા શૂરવીરોને, શરૂ-શરૂમાં યોગ પણ હનીમુન જેવું મીઠડું લાગે. જ્યારે હાડકાં-પાંસળા અંદરથી કરગરવા માંડે કે, ‘હવે બસ કરો યાર, બહુ દુખે છે, સહન થતું નથી!’ત્યારે ધીરે ધીરે માતાજી આવવા માંડે!

એમાં ચમનીયો એટલે ભારે હરખઘેલો! વિશ્વ-યોગ દિવસની ઉજવણી ઘરે રાખી બેથી. જેમાં માત્ર ફાંદધારીઓને જ નિમંત્રણ. સુકલકડી હતા એમણે વિરોધની રેલી કાઢી કે, અમને બાકાત રાખીને, આ મજબુત બાંધાવાળા ઉભા વાંહડાઓને જ કેમ બોલાવ્યા? છેવટે એમને પણ બોલાવ્યા તો ખરા, પણ ગેંડાના ટોળામાં બકરા ઘુસી ગયા હોય એવી હાલત થઈ! એક લાઈનમાં સુકલકડીને બેસાડયા, ને બીજી લાઈન ફાંદીયાની કરી. ભ્રસ્તીકા કરાવતી વખતે ફાંદીયાઓએ એવા ગગનનાદ કાઢ્યા કે, સુકલકડીવાળાની એક બે લાઈન તો સુસવાટા સાંભળીને જ છું ઉઉઉઉ થઈ ગઈ. બાકીના રહ્યા તેના બરડા શરદી ઉડવાથી ભીના કરી નાખ્યા! બબાલ એવી થઈ કે, પછી તો મુક્કાબાજીના યોગ અને પ્રયોગ શરુ થઇ ગયા! અમુકની કેડની એન્ગલ એવી મચેડાય ગઈ કે, રાઈટ એન્ગલ શોધવા બિચારા હજી ફાંફા મારે છે! પાંચ-છ મિસ્ત્રી બેસાડીએ તો પણ, કળ નહિ વળે એવી હાલત થઈ ગઈ! અમુકને મા યાદ આવી ગઈ, અમુકને બાપા યાદ આવી ગયા! અમુકના થોબડા ચઢી ગયા. છવટે સૂર્ય-નમસ્કાર છોડી, ‘યોગ નમસ્કાર’ કરીને જ વટી ગયા! એમાં અમુક તો લગનમાં આવેલા હોય એમ, બનીઠનીને શેરવાની પહેરીને યોગ કરવા આવેલા, તે પણ ફાટેલી શેરવાનીએ ઘર ભેગા થયા! જે બહેનો ફેસિયલ કરાવીને યોગ કરવા આવેલી, એમને એવો પરસેવો વળી ગયો કે, પરસેવાને કારણે મોઢા ઉપર મંકોડા ફરી ગયાં હોય તેવાં ચહેરા થઇ ગયા. માત્ર જેમની સાસુ જલ્લાદ હતી એ લોકોએ યોગ કર્યા! સાસુનો ત્રાસ સહન કરવો એના કરતા યોગ કરવા કદાચ સરળ લાગ્યા હશે. આ તો એક અનુમાન!

**લાસ્ટ બોલ**

આખરે ચંચી ચમનીયાને લઈને ડૉક્ટર પાસે ગઈ, અને કહ્યું કે ‘સાહેબ! દિવસે દિવસે આનું ડોઝણું બહાર નીકળતું જાય છે, કોઈ ઈલાજ કરો ને?

ડૉક્ટરે પહેલા પોતાના પેટ તરફ જોયું, અને પછી નિદાન કરતા કહ્યું કે, ‘તમારે રોજ બપોરે ને રાતે એક કસરત કરવી પડશે. આ તમારી ગરદન રોજ બપોરે ને રાતે, ડાબી બાજુથી જમણી બાજુ હલાવશો તો ડોઝણાનો ભાર હળવો થશે!

ઓહહ! આ તો બહુ હળવી કસરત છે. આ કસરત મારે ક્યારે કરવાની સાહેબ!

તમારી પાસે ખાવાની થાળી આવે ત્યારે!

તારા કપાળમાં કાંદા ફોડું!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## રાજમાતા

બારાક્ષરીમાં જેમ સ્વર અને વ્યંજન આવે છે તેમ રાજા - મહારાજાઓ પણ અલગ અલગ પ્રકારના થઈ ગયા છે. જેમ કે ગોંડલના મહારાજા ભગવદસિંહજી એ “ભગવદ ગોમંડળ” નામનો ગુજરાતી એનસાયક્લોપીડીયા તૈયાર કરેલો. “પત્ર” ટુંકો રાખવો છે, તો મૂળ વાત પર આવીએ. સુરત જન્મદાત્રી દેવકી માતા જેવુ છે, પરંતુ બાળપણ ભાવનગર વિતેલુ એટલે જશોદામાતાના લાડ કેમ ભૂલાય. ઘણી ખમ્મા એ સંસ્કારી ધરાને જેના મહારાજા કૃષ્ણકુમારસિંહજી હોય કે દિવાન, પ્રભાશંકર પટ્ટણી. સાથે સાથે ધન્ય છે એ રાજમાતા વિજયારાજે સાહેબા. ચિત્રકામ હોય કે ભરતકામ, એમનો એ શોખ. ગોંડલ નરેશ ભગવદસિંહજીના સંસ્કારી પૌત્રી, જેમણે લગ્ન પછી આજીવન ભાવનગર નરેશ કૃષ્ણકુમારસિંહજીના નામને રોશન રાખ્યુ. કરિયાવરમાં આવેલા પોતાના અંગત ઘરેણા પણ ભાવનગર રાજ્યની સાથે સાથે ગાંધીજીને સમર્પિત કરી દીધેલા. પોતાની દીકરીઓને ઠાઠમાઠવાળી પરદેશી કે દેશી શાળાઓના સ્થાને સ્થાનિક નંદકુંવરબા કન્યાવિધ્યાલયમાં જ શિક્ષણ અપાવેલુ. રાજા-મહારાજા હોય કે એક પિતા, એમની સફળતાનો જશ જાય છે રાજમાતા હોય કે માતા, એમને. એટલે જ તો આદિ શંક્રાચાર્યજી એ સન્યસ્તના નિયમો વિપરીત જઇ પોતાની માતાના અગ્નિસંસ્કાર પોતે જાતે જ કરેલા.

**સુરત - ચેતન સુશીલ જોષી**

## માનવી કેવા વિચાર ધરાવે છે તેના ઉપર જીવનનો આધાર છે

જીવનમા સાચી દિશા મા કરેલ મહેનત સિવાય કશું મળતું નથી એ સર્વ સામાન્ય સિધ્ધાંત છે તેમ છતાં કેટલાક લોકો ચમત્કાર થી બધું મળી જાય એવા વિચારમાં રાચતા હોય છે. જીવનમા પ્રગતિ શીલ વિચારો, જરૂરિયાત મંદ ને સાચી મદદ, પોતાની સાથે અન્યનું સાચું હિત જોનારના જીવનમા શાંતિ પ્રવર્તે છે એમ કહીએ તો ખોટું નથી. જીવન ધૂપસળી જેવું હોવું જોઈએ પોતે બળીને બીજાને સુગંધ પ્રસરાવે છે તેમ કોઈના જીવનથી બળી ને નહી પણ કોઈના જીવનને ઉજાગર કરી ને જીવનને ધન્ય બનાવવું જોઈએ

**સુરત - ચંદ્રકાન્ત રાણા**

## પ્રકૃતિની શોભા

પ્રકૃતિની લીલા અતિ ન્યારી, લાગે કામણગારી આંબા ડાળે કોયલ ટહુકે, ટહુકે પ્રકૃતિ સારી પદ્મ ચહેરે ભ્રમર ગૂંજે, ગૂંજે પ્રકૃતિ સર્જનહારી ગીત ગાતાં ઝરે ઝરણાં પ્રકૃતિનું એ ગીત સુણાવે ખળખળ ખળખળ વહે નદીઓ મધમીઠાં નીર વણવે પ્રકૃતિ સારી મહેકી ઊઠી, પુષ્પો મહેંકતાં લીલીછમ વનરાજી જોઈ, મન થાય, રાજીરાજી પ્રકૃતિની શોભા અતિ ન્યારી લાગે પ્યારી પ્યારી. પ્રકૃતિની લીલા અતિ ન્યારી લાગે કામણગારી.

**નવસારી - નિલય દેસાઈ**

## એસીડ એટેકની વ્યાખ્યા વિસ્તૃત કરાઈ

દેશના અન્ય રાજ્યો સહિત ગુજરાતમાં એક તરફી પ્રેમી પોતાની માની લીધેલ પ્રેમિકાના લગ્ન પ્રસ્તાવના ઈન્કારથી ગુસ્સે ભરાઈને યુવતી તરફ એસીડ ફેંકી બની વિકૃત અને દઝાડવાના કિસ્સાઓ બની રહ્યા છે. આ કૃત્ય ગુનાહિત અને શિક્ષાપાત્ર છે. કેટલાક બનાવો એવા બન્યા છે કે જેમાં એસીડ મોં પર ફેંકવાના બદલે બળજબરીથી એસીડ પીવડાવવામાં આવે છે. આ કૃત્ય એસીડ એટેકની વ્યાખ્યામાં સમાવિષ્ટ ન હોવાથી પીડિતાને સરકારી વળતર મળવાપાત્ર બનતું નથી. પરંતુ હવે સ્થિતિમાં સુધારો થયો છે. સર્વોચ્ચ અદાલતે હમણાં એક કેસમાં બળજરીથી એસીડ પીવડાવવાના કૃત્યને એસીડ એટેકની વ્યાખ્યામાં સમાવેશ કરવા હુકમ કરેલ છે. આથી પીડિતાને તે મુજબનું પ્રમાણપત્ર અને તેના આધારે સરકાર તરફથી મળતું વળતર મેળવવાને હકદાર બનશે. સાથે સાથે સર્વોચ્ચ અદાલતે દેશાભરની અદાલતમાં એસીડ એટેકના પડતર કેસોની સંખ્યા મોકલી આપવા તમામ હાઈકોર્ટોને આદેશ કરેલ છે. સર્વોચ્ચ અદાલતનું આ હકારાત્મક-વલણ પ્રશંસાપાત્ર છે.

**સુરત - અશ્વિન કુમાર ન. કારીઆ**

## બેંકે નવસો નવસો કરોડ સ્ટેશનરીમાં વેડફયા

ડિજિટલ યુગ અને પેપરલેસનાં વાયદા વચ્ચે બેન્ક સ્ટેશનરી માટે નવસો કરોડનો ખર્ચ કરે છે. આ બાબત પરથી સ્પષ્ટ ખ્યાલ આવી શકે ભારતમાં ડિજિટલ ક્રાંતિનાં સપનાં ખોખલાં અને નિર્થક બંણગા છે.બેંક સ્ટેશનરી માટે આટલો ખર્ચ કરતી હોય તો ખેડૂત અને ગ્રામ્ય જીવનમાં પેપરલેસ ક્રાંતિની દુકાનો નામ માત્રની રહેવાની છે. જો મોટામાં મોટી બેંક એસબીઆઈ આજે પણ સ્ટેશનરી પર જીવી રહી છે. અહીં એક વિચાર મૂકી શકાય ભરતી ઈ. સ.1978 પછીનાં કર્મચારીઓ રિટાયર્ડ થયા તેના જ સાત વર્ષથી વધુ થઈ ગયા છતાં ડિજિટલ ક્રાંતિ નામે પરિણામ શૂન્ય છે.એચડીએફસી બેંક કૉમર્સશિયલ ત્યાં ડિજિટલ નથી.મતલબ શું સમજવો વ્યાપાર અને વહાન જૂના જ ચીતરીને લૂંટવાનો ધંધો છે. પદ પ્રતિષ્ઠા પર બેઠેલા નાગરિકો જ જૂઠા અને અભણ સાથે અણસમજુ હોય ત્યાં જનતાને કોણીએ ગોળ લગાડવા સિવાઈ કશુ નથી. હે ભગવાન ખોટી કરતૂત કરનારનું ઢીમ નીકળે તેવું થાય.

**સુરત - હરીશ ચૌધરી**

## 4,000 EVMs બળીને નષ્ટ થયાના દાવાઓ અંગે પારદર્શકતા અને સત્ય બહાર આવવું જરૂરી

તાજેતરમાં સોશિયલ મીડિયા અને વિવિધ માધ્યમોમાં “4,000 EVM (Electronic Voting Machine) બળીને નષ્ટ થઈ ગઈ” હોવાના દાવાઓ ચર્ચામાં છે. લોકશાહી પ્રત્યે વિશ્વાસ જાળવવા માટે આવા દાવાઓની સત્તાવાર અને પારદર્શક તપાસ અત્યંત જરૂરી છે. ભારતની ચૂંટણી પ્રણાલી કરોડો મતદારોના વિશ્વાસ પર આધારિત છે. તેથી EVM સાથે જોડાયેલી કોઈપણ ઘટના, અકસ્માત, નુકસાન અથવા નિકાલ પ્રક્રિયા અંગે સ્પષ્ટ માહિતી જાહેર કરવી સંબંધિત સત્તાધિકારીઓની જવાબદારી છે. અમે એક જવાબદાર નાગરિક તરીકે માંગ કરીએ છીએ કે:EVM સંબંધિત ઘટનાની સંપૂર્ણ અને સ્વતંત્ર તપાસ કરવામાં આવે.સત્તાવાર તથ્યો અને દસ્તાવેજો જાહેર કરવામાં આવે.જો બળી ગયેલી મશીનો જૂની, નિષ્ક્રિય અથવા ઉપયોગ બહારની હતી, તો તેની સ્પષ્ટ માહિતી લોકોને આપવામાં આવે,ભ્રામક માહિતી અને અફવાઓને રોકવા માટે ચૂંટણી તંત્ર સમયસર સ્પષ્ટતા કરે ,લોકશાહી સંસ્થાઓ પ્રત્યે લોકોનો વિશ્વાસ વધુ મજબૂત બને તે માટે પારદર્શકતા જાળવવામાં આવે. લોકશાહીની તાકાત માત્ર મતદાનમાં નથી, પરંતુ પારદર્શકતા, જવાબદારી અને સત્ય પ્રત્યેની પ્રતિબદ્ધતામાં પણ છે.

**સુરત - આશિષ ટેલર**